Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# "નારીની ભૂમિકા : બદલાવની દ્રષ્ટિએ"

**Pro. (Dr) Mrugeshbhai M. Nayak**
Associate Professor of History
Shri M.M Chaudhary Arts College, Rajendranagar
Email ID : mmnayak18@gmail.com

## સારાંશ

૨૧ મી સદીમાં મનુષ્યજાતિના પૃથ્વી પરના રેકર્ડ અથવા નોંધિત ઇતિહાસના ત્રીજા સહસ્ત્રાબ્દનો આરંભ થઈ રહ્યો છે. કોમ્પ્યુટરોને વાય-ટુ-કે-ની ચિંતા છે અને સામાજિક જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયુ છે. લોકશાહી વિશ્વભરમાં સ્વીકૃત રાજ્યવ્યવસ્થા છે, પણ એક સંવિધાન અને એક નિર્વાચનથી એ આગળ નીકળી ગઈ છે. અમેરીકામાં અને યુગોસ્લાવિયામાં, જાપાનમાં અને ઇઝરાયલમાં, આર્જેન્ટીનામાં અને ઈન્ડિયામાં, સર્વત્ર લોકશાહી છે. ચૂંટણીઓ છે, મતદાન છે, પણ જે પરિણામ ઊપજે છે એ સર્વત્ર ભિન્ન છે. લોકશાહી એક્સ્પોર્ટ થઈ શકતી નથી, પ્રજાની માનસિકતામાંથી જ પાકટ થતી હોય છે. વ્યાખ્યાઓ બદલાતી જાય છે. આત્મહત્યાને હવે 'ડેથ વિથ ડિગ્નિટી' અથવા બાઈજ્જત મૌતની ઊંચાઈ આપવાની પ્રક્રિયા શરૂ થઈ છે. વિશ્વ રાજકારણનો શબ્દ 'રિયલ-પોલિટિક' હવે 'આઇડિયલ-પોલિટિક' બનવાની પ્રવૃત્તિ થઈ રહી છે. રાજકારણ પણ રાષ્ટ્રકારણ બનવું જોઈએ, પ્રદર્શન નહીં, પણ દર્શન આવવું જોઈએ, ચેષ્ટાનું સ્થાન નિષ્ઠાએ લેવું જોઈએ, જે દેશો વિરાટ છે, ત્યાં ૧૯મી સદીના સિધ્ધાંતો અત્યારે અસંબંધ્ધ થઈ રહ્યા છે અને ચિંતકો નવી 'કોન્શેનશિએશનલ થીઅરી'ની વાત કરી રહ્યા છે. એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ, સત્તામાં સાઝેદારી, એકકેન્દ્રી પરિવારશાહી નહીં, અંગ્રેજીમાં 'પાવર-શેરિંગ' ! અને આ એક મૂલત: વિરોધિતા છે. ફ્રેંચ રાજનીતિજ્ઞ ચાર્લ્સ દ' ગોલે એમની આત્મકથામાં લખ્યું હતું એમ બે વસ્તુઓમાં ભાગીદારી ચાલતી નથી; સ્ત્રી અને તલવારની ધાર (સત્તા) !

જે પરિવારનું પર્યાવરણ માના પ્રત્યક્ષ જીવન વ્યવહારના મધમધાટથી મહોરી ઊઠે છે, તે 'માં' ને અબૂધ અજ્ઞાન અને ભોળી-બાવરી માની લેવામાં આવે છે! પરિવારમાં લોકશાહીના મૂલ્યોનું વાવેતર થાય તો સૌને સમાન અભિવ્યક્તિની તક મળી રહેશે. સ્ત્રીએ પોતે પણ પોતાના પરિવારમાં લોકશાહીના મૂલ્યોનું જતન થાય તે દિશામાં સમાન પ્રયાસો આદરવા પડશે.

આમ, સ્ત્રીની પરંપરાગત પારિવારિક ભૂમિકા આજે ધરખમ ફેરફાર માંગી રહી છે. શું પિયરમાં કે શું સાસરિયામાં, સ્ત્રીના સ્વતંત્ર, સ્વાયત્ત વ્યક્તિતવને વિકસાવવા પ્રયાસ કરવા પડશે. સમર્પણથી વ્યક્તિત્વ ખીલી શકે, ગુલામી કે કોઈનું શરણું ગોતી લેવાથી નહીં, આ વાતનું દ્રઢીકરણ કરવું પડશે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

“નારી નિંદા મત કરો, નારી નરકી ખાણ
નારી સે નર ઉપજે, ધ્રુવ, પ્રહ્લાદ સમાન”

૨૧ મી સદીમાં મનુષ્યજાતિના પૃથ્વી પરના રેકર્ડ અથવા નોંધિત ઇતિહાસના ત્રીજા સહસ્ત્રાબ્દનો આરંભ થઈ રહ્યો છે. કોમ્પ્યુટરોને વાય-ટુ-કે-ની ચિંતા છે અને સામાજિક જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયુ છે. લોકશાહી વિશ્વભરમાં સ્વીકૃત રાજ્યવ્યવસ્થા છે, પણ એક સંવિધાન અને એક નિર્વાચનથી એ આગળ નીકળી ગઈ છે. અમેરીકામાં અને યુગોસ્લાવિયામાં, જાપાનમાં અને ઇઝરાયલમાં, આર્જેન્ટીનામાં અને ઈન્ડિયામાં, સર્વત્ર લોકશાહી છે. ચૂંટણીઓ છે, મતદાન છે, પણ જે પરિણામ ઊપજે છે એ સર્વત્ર ભિન્ન છે. લોકશાહી એકસ્પોર્ટ થઈ શકતી નથી, પ્રજાની માનસિકતામાંથી જ પાકટ થતી હોય છે. વ્યાખ્યાઓ બદલાતી જાય છે. આત્મહત્યાને હવે ‘ડેથ વિથ ડિગ્નિટી’ અથવા બાઈજ્જત મૌતની ઊંચાઈ આપવાની પ્રક્રિયા શરૂ થઈ છે. વિશ્વ રાજકારણનો શબ્દ ‘રિયલ-પોલિટિક’ હવે ‘આઇડિયલ-પોલિટિક’ બનવાની પ્રવૃત્તિ થઈ રહી છે. રાજકારણ પણ રાષ્ટ્રકારણ બનવું જોઈએ, પ્રદર્શન નહીં, પણ દર્શન આવવું જોઈએ, ચેષ્ટાનું સ્થાન નિષ્ઠાએ લેવું જોઈએ, જે દેશો વિરાટ છે, ત્યાં ૧૯મી સદીના સિધ્ધાંતો અત્યારે અસંબંધ્ધ થઈ રહ્યા છે અને ચિંતકો નવી ‘કોન્શેનશિએશનલ થીઅરી’ની વાત કરી રહ્યા છે. એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ, સત્તામાં સાઝેદારી, એકકેન્દ્રી પરિવારશાહી નહીં, અંગ્રેજીમાં ‘પાવર-શેરિંગ’ ! અને આ એક મૂલત: વિરોધિતા છે. ફ્રેંચ રાજનીતિજ્ઞ ચાર્લ્સ દ’ ગોલે એમની આત્મકથામાં લખ્યું હતું એમ બે વસ્તુઓમાં ભાગીદારી ચાલતી નથી; સ્ત્રી અને તલવારની ધાર (સત્તા) ! [૧]

દરેક સમાજમાં સૌપ્રથમ સ્ત્રી-પુરુષની ભૂમિકાઓને બહુ ચુસ્તપણે પરંપરાગત મૂલ્યો અને માન્યતાઓ પ્રમાણે વિભાજિત કરવામાં આવી છે. આ મૂલ્યો પ્રમાણે કુટુંબ માટે કમાવવાનું કામ પુરુષ કરે જ્યારે કુટુંબના અન્ય અંદરના કામો જેવા કે રાંધવું, બાળ સંભાળ,માંદાની સંભાળ, ઘરડાની ચાકરી વગેરે કામો સ્ત્રીઓને ફાળવવામાં આવ્યા છે. ગૃહિણી અને માતાની જવાબદારીઓ સાથે સામાજિક સીડીમાં સ્ત્રી કયા સ્થાને અને કયા આર્થિક સ્તરે છે તે, તેનો દરજ્જો નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. [૨]

સંસ્કારોની પહેલી શિક્ષિકા છે મા, મમતામયી મા, જે નિ:સ્વાર્થભાવે બાળકનું પાલન-પોષણ કરે છે. એનામાં પ્રેમ, આત્મિયતા અને પવિત્રતાના સંસ્કાર રેડે છે. માની મમતાની સાથે દાદીની અદ્દભૂત દુનિયા પણ કઈ ઊતરતી નથી હોતી. બાળકો એમની પાસેથી વાર્તા સાંભળવાની હઠ કરે છે, એમની વાર્તાઓમાં કલ્પનાઓનો ભંડાર તો હોય છે જ, સાથે સંસ્કારનું સિંચન પણ હોય છે. વાત ગમે તેની હોય પરીઓની કે પશુ-પક્ષીઓની, રાજકુમારોની પરંપરા તો બરાબર ચાલતી રહે છે. જિજ્ઞાસાઓ પેદા થાય છે અને શમી પણ જાય છે. વાર્તાનો અંત સચ્ચાઈની જીતના પરિણામોથી આવે છે, નહી કે બૂરાઈની જીતથી. કોઈ વાર્તામાં સાહસની વાત આવે તો કોઈનામાં દ્રઢતાની, કોઈમાં દેશભક્તિની વાત હોય તો કોઈમાં દાન, ત્યાગ અને વિકાસની, કોઈમાં ચતુરાઇને મહત્વ આપવામાં આવ્યું હોય તો કોઈમાં આજ્ઞાપાલન અને કોઈમાં કર્તવ્યપરાયણતાનું, કોઈમાં શ્રમનું મહત્વ દર્શાવે છે.

સવારે ઊઠીને બધા-માતા-પિતાને ચરણ-સ્પર્શ કરે છે. ઘરમાં એકબીજા પ્રત્યે ખુબ જ પ્રેમ છે. વિચારો જરા, આવા વાતાવરણમાં બાળકોને કેવા સંસ્કાર મળશે? નૈતિક શિક્ષણની આ બિનઔપચારિક પાઠશાળામાં ધીરે ધીરે સંસ્કારોના મૂળિયાં ઊંડા જાય છે, તે શ્રમની સાધના, ઈશ્વર ભક્તિ, પરસ્પરનો પ્રેમ, સહયોગ, મનની પવિત્રતા, કુદરત સાથેની મહોબત, પશુઓ પ્રત્યેનું ઉચિત વર્તન, દયાભાવ, નિયમિતતા અને મોટાઓ પ્રત્યેનો આદરભાવ વગેરે. કંઇ જરૂરી નથી કે આવા સંસ્કારો પુસ્તકોના માધ્યમથી જ આપવામાં આવે, જીવન તો પોતે જ એક મહાન ગ્રંથ છે.[3]

સ્ત્રી ચઢિયાતી છે તેના અનેક કારણો છે. સ્ત્રી બાળકથી વધુમાં વધુ નજીક હોય છે. તેથી જ તમે ઘણા બાળમંદિરોમાં જોયું હશે કે સ્ત્રી-શિક્ષિકા જ રખાય છે. માનવતાની વધુ નિકટ સ્ત્રી હોય છે. કુદરતે સ્ત્રીને બાળક જેવી બનાવી છે, જેથી સ્ત્રી બાળકને વધુ સમજી શકે. મહત્વની વાત એ છે કે કુદરતે સ્ત્રીને વિપુલ પ્રમાણમાં અને લાંબે સુધી ટકી શકે એવો સંતાન માટેનો એક અનેરો આનંદ આપ્યો હોય છે, જે પુરુષોમાં હોતો નથી.[૪]

“જિંદગી સ્ત્રીઓ પ્રતિ સહિષ્ણુ નથી. મારી છાપ ભલે ગમે તેવી હોય, પણ વાસ્તવમાં હું એક સામાન્ય સ્ત્રી જ છુ, જેને સ્ત્રી તરીકે જન્મવાનો અભિશાપ ઝિલવો પડે છે. માત્ર સ્ત્રી હોવાને કારણે જ અનેક મુસીબતો અને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. મારી દ્રષ્ટિએ તો આ ‘એકવીસમી સદીની સ્ત્રી’ અને ‘આગામી સદી સ્ત્રીઓની’- એવીબધી વાતો પોકળ છે. આજે સ્ત્રીઓ પહેલાં કરતાં અધિક

સંઘર્ષ વેઠી રહી છે. પહેલાં કદી નહોતી ઉદભવી તેવી પરિસ્થિતિઓ અને જવાબદારીઓ ઊઠાવી રહી છે. પહેલાં તો તેને માત્ર ઘર જ સંભાળવાનું હતું , હવે ઘર અને કારકિર્દી બંને સંભાળવાના છે અને સાથે પોતાની અપેક્ષાઓને પણ સંતોષવાની છે. આ કામ ખરે જ મુશ્કેલ અને અઘરું છે.” ઠાકર બેલા.

આજે બદલાયેલા પરિવેશની છાપ સમાજના અનેક ક્ષેત્રોમાં નજરે પડી રહી છે અને તેમાં સ્ત્રીઓની ભૂમિકામાં આવેલું પરિવર્તન ઊડીને આંખે વળગે તેટલું સ્પષ્ટ છે. એક જાગૃત મહિલા તરીકે આજે પરિવાર અને સમાજ બંને સ્ત્રી પાસેથી અનેક પ્રકારની અપેક્ષાઓ રાખી રહ્યા છે. આજની નારી શિક્ષિત અને સમજદાર હોવાથી સ્વાભાવિક રીતે જ એ અપેક્ષા રહે કે તે પોતાના પરિવાર અને બાળકોના આહાર અને આરોગ્યની ઉત્તમ કાળજી લે, બાળકોની અભ્યાસ અને શિક્ષણ સબંધિત બાબતોનું ધ્યાન રાખે. તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરે, પોતાની કારકિર્દીમાં સફળતા મેળવે અને પરિવારની આર્થિક, વ્યાવહારિક અને ભાવનાત્મક બાબતોની જવાબદારી પણ ઉઠાવે.[૫]

નારી જીવનના ચાર તબક્કા ગણવાનો રિવાજ છે. બાળા, પત્ની, માતા અને નિવૃત્ત, છતાં પ્રવૃત્તિમય જીવન જીવતી વૃધ્ધા! ચારે તબક્કામાં રાજમાતા કુંતીએ સફળતાથી કર્તવ્યતત્પરતા જાળવી જાણી. એનું સમગ્ર જીવન જાણે કર્તવ્યપાલન માટે જ ખર્ચાયું, પ્રત્યેક નિર્ણય એણે સંપૂર્ણ સભાનતા જાળવી કર્યો. આવેશને વશ થવાને બદલે, પ્રત્યેક પાસાને વિચારમાં લઈ, શક્યાશક્યતાના ધોરણ પર ચકાસણી કરી, એણે પ્રત્યેક પગલું ભર્યું, છતાં એક સફળ વ્યક્તિનો જિંદગીનો આલેખ વાંચતી વખતે મન જે પ્રસન્નતાનો અનુભવ કરે, તેવો અનુભવ કુંતીના વ્યક્તિત્વમાંથી પ્રાપ્ત થતો નથી. એના સદગુણો, એના જીવનમાં સુખના ફૂલો ખીલવી ન શક્યા. મહાભારતમાં દરેક નારીના સુખ દુ:ખનો આધાર પુરુષ રહ્યો છે. [૬]

પૃથ્વી પરનો મનુષ્ય- સ્ત્રી જન્મનો ઇનકાર કરે છે, અસ્વીકાર કરે છે. કોને પ્રભુ ધ્વારે કકડતી આંતરડીએ થાતી આ રાવ સંભળાય છે કે, ‘હે સર્જનહાર, તે મને પેદા તો કરી, પણ પૃથ્વી પર મને હવે કોઈ દાખલ થવા દેવા તૈયાર નથી ! ’

"માનસ શાસ્ત્રીઓ કહે છે કે બાળકનું માનસ પહેલા બે-ત્રણ વર્ષમાં ઘડાઈ જાય છે. હું પૂછું છુ કે ગર્ભાગારમાં ઘડાઈ રહેલું આ માનસ કે ; 'મારો અહીં સ્વીકાર નથી,' એ પૃથ્વીને ક્યાં લઈ જશે? અગાઉ તો નારી જીવનનો સત્કારસભર આવકાર નહોતો, પણ અહીં તો જન્મવાની જ મનાઈ ! સાવ જ અસ્વીકાર !

પછી પૃથ્વી પર નારી સહજ માધુર્ય, પ્રેમ, વાત્સલ્ય અને સમર્પણની ગંગા કેમ કરીને વહેતી રહેશે એનો જવાબ કયા સમાજશાસ્ત્રી પાસે છે? " ભટ્ટ મીરા[૭]

આ 'હસ્તાંતરણ' નો ગાળો છે અને એને આપોઆપ થવા દેવો જોઈએ. કેટલાક શ્વસુરજીઓ ઉતાવળા બનીને ઝટપટ સુધારા કરવાના ઉત્સાહમાં ઘણું બધું બાફી દેતા હોય છે. આ બાબતમાં 'કશું કરી નાખવાનો ધખારો' ન ચાલે, માત્ર 'થવા દેવાનો' સાક્ષીભાવ જોઈએ. જો આમ થાય તો આ હસ્તાંતરણમાં પણ પ્રભુનો 'શાંત તોમાર છંદ' પ્રગટ થઈ શકે.

ધરી-ધીરે માની ઉંમર વધે, શરીર થોડું નબળું પડે એટલે એ રીતે પણ ધીરે ધીરે ઘરના કામ છૂટતા જાય, જીવનની અનેક નવી ક્ષિતિજો ખૂલી હોય એટલે સામાજિકક્ષેત્રની પ્રવૃત્તિઓ પણ ખૂલતી જાય તો સાસુ આપો આપ રસોડામાંથી નીકળી દીવાનખાનામાં પહોંચી જશે.

બીજી બાજુ વહુરાણી પણ ધીરે ધીરે પતિના ઘરના પરાપૂર્વથી ચાલ્યા આવતા વ્યવહારો, રીતરસમો અને સંસ્કારોને સમજી લઈ જે કાંઇ પરિવર્તન કરવા જેવુ માનશે તે પ્રેમપૂર્વક સૌની સંમતિપૂર્વક કરી શકશે. એણે સમજવું પડશે કે આ ઘરની ઈંટે ઈંટને ચાંદી એને ઊભું કરવામાં, આ પરિવારના તાણાવાણાને જોડવામાં માએ પોતાના જીવનમાં અમૂલાં વર્ષોનો બુંદ-બુંદ પરસેવો વહેવડાવ્યો છે. માની સત્તા રાતોરાત ઊભી નથી થઈ. એ સત્તાના અસ્તિત્વ પાછળ માના ત્યાગ-સમર્પણની નદીઓ છલકાઈ છે.

'પરિવાર' એ સમાજનું પાયાનું ઘટક છે. સામાજિક મૂલ્યોનું એ ધરુવાડિયું છે. વ્યક્તિને પારાવાર તરફ લઈ જવા માટે પરિવાર એ પહેલું પગથિયું બની શકે, તેમ કરવા માટે પરિવારમાં પ્રત્યેક વ્યક્તિની પ્રતિષ્ઠા જોઈએ. એના વ્યક્તિત્વનું સન્માન જોઈએ. એને પોતાની રીતે ઊગવા-વધવાની મોકળાશ જોઈએ.

અત્યાર સુધી સ્ત્રીને ‘ઘરની રાણી’ કે ‘કુટુંબની અધિષ્ઠાત્રી’ ના બિરૂદો મળ્યા છે. પરંતુ આ બિરુદોને જીવી જાણે છે, તે સ્ત્રીઓ જ આ બિરુદો માણી શકે છે. બાકીની સર્વસાધારણ સ્ત્રીને પરિવારમાં કોઈ હક્ક નથી. મહત્વના નિર્ણયોમાં કોઈ એના અભિપ્રાયને વજન આપતું નથી. છોકરા પણ થોડા મોટા થાય એટલે કહેતા થઈ જાય છે કે, ‘માને શું ખબર પડે ! ’......

જે પરિવારનું પર્યાવરણ માના પ્રત્યક્ષ જીવન વ્યવહારના મધમધાટથી મહોરી ઊઠે છે, તે ‘માં’ ને અબૂધ અજ્ઞાન અને ભોળી-બાવરી માની લેવામાં આવે છે! પરિવારમાં લોકશાહીના મૂલ્યોનું વાવેતર થાય તો સૌને સમાન અભિવ્યક્તિની તક મળી રહેશે. સ્ત્રીએ પોતે પણ પોતાના પરિવારમાં લોકશાહીના મૂલ્યોનું જતન થાય તે દિશામાં સમાન પ્રયાસો આદરવા પડશે.

આમ, સ્ત્રીની પરંપરાગત પારિવારિક ભૂમિકા આજે ધરખમ ફેરફાર માંગી રહી છે. શું પિયરમાં કે શું સાસરિયામાં, સ્ત્રીના સ્વતંત્ર, સ્વાયત્ત વ્યક્તિતવને વિકસાવવા પ્રયાસ કરવા પડશે. સમર્પણથી વ્યક્તિત્વ ખીલી શકે, ગુલામી કે કોઈનું શરણું ગોતી લેવાથી નહીં, આ વાતનું દ્રઢીકરણ કરવું પડશે.

જે રીતે સર્વસામાન્ય પુરુષ પાસે કોઈ સમર્પણની અપેક્ષા નથી રખાતી, એ જ રીતે સ્ત્રી પાસે પણ કોઈ સમર્પણની અપેક્ષા રાખવી ન જોઈએ. હકીકતમાં, સમર્પણ એકાંગી ન ચાલે, પરસ્પર સમર્પણ જ વર્તુળને પૂર્ણ કરી શકે. [૮]

૪૦૦૦ વર્ષો જૂની વાતો ભૂલીએ; સ્ત્રીના ખંડદર્શનમાં ન પડીએ. નારીને આથી નારાયણી નથી કહેવડાવવું, તેને માનવીય સ્તર પર જ રહેવા દઈએ. માનવીય ભૂલો તે ભલે કરતી, માનવીય સીમાઓમાં તે ભલે રહેતી. તેમ થશે તો જ તે વિકસી શકશે. એકવીસમી સદીમાં સ્ત્રીના માનવીપણાને સ્વીકારીએ. [૯]

“ આજને તમારી બનાવો,
બીજું સઘળું વિચારો,
અને........
કહી દો આજને.........
હું જીવી ગઈ............
‘કાલે ?’

તારે જે કરવું જોય તે કરજે. ”

## પાદનોંધ

1. બક્ષી ચંદ્રકાંત, “સ્ત્રી અને કવિતા”, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ,૨૦૦૧, પૃ. ૫-૬
2. શાહ ડો. કલ્પના, “સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા”, યુનિ. ગ્રંથ બોર્ડ, દ્વિતીય આવૃત્તિ, અમદાવાદ,૧૯૯૭, પૃ. ૨૮-૨૯.
3. કડીકર યશવંત, “નારી જીવનની સાર્થકતા”, રાજેશ બુક સેલર્સ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૧૬-૧૭.
4. ભટ્ટ કાંતિ, “લાગણીઓના સબંધોમાં આજની નારી”, નવભારત સાહિત્ય મંદિર, દ્વિતીય આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૫, પૃ. ૭૫.
5. ઠાકર બેલા, “સાંપ્રત સમયમાં નારી”, ગુર્જર ગ્રંથરત્ન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૦૧, પૃ. ૧૦-૧૧.
6. ભાગવત સ્મિતા, “મહાભારતના સ્ત્રીપાત્રો”, માતૃભૂમિ સેવા ટ્રસ્ટ, પહેલી આવૃત્તિ, વડોદરા, ૨૦૦૧, પૃ.૭૬.
7. ભટ્ટ મીરા, “નારી! તું તારિણી”, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૦૬, પૃ. ૧૮.
8. એજન, પૃ. ૨૭-૨૮.
9. પાઠક ઇલા, “નારીવાદીનું આકલન”, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૨, પૃ. ૧૨૭.